ગાંધીનગર સમાચાર

**ડાયરેક્ટ ❤ સે**

પ્રેમ
એ
ઉપચાર વગરનો
રોગ છે

- ઝોન ડાયડ
અંગ્રેજ કવિ-નાટ્યકાર

## જન્મદિને વધામણી



**યશોધર એ પરમાર**
**સુપ્રિ. એન્જિનીયર**
**યુજીવીસીએલ**
**મો. ૯૯૨૫૨ ૧૨૬૯૭**



**બિપીનચંદ્ર મોહનલાલ જાની**
**મો. ૯૮૨૪૧ ૪૮૦૫૪**



**સંકેત હેમંતભાઈ પોપટ**
**મો. ૯૦૩૩૦ ૨૫૨૮૩**

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# રાંધેજા વિદ્યાપીઠમાં કાવ્યગોષ્ઠિ યોજાઈ

## સંજય મકવાણા, ધ્વનિલ પારેખે વિદ્યાર્થીઓ માટે કાવ્યો, ગીતોની મહેફિલ પેશ કરી

ગાંધીનગર, તા. ૨

ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાંધેજા ખાતે સંસ્થાના જ ગુજરાતી વિષયના અધ્યાપક ડૉ. સંજય મકવાણાના 'શબ્દસખ્ય' અને 'રમેશ પારેખની કવિતાનું ભાષાકર્મ' વિવેચનસંગ્રહ તથા ડૉ. ધ્વનિલ પારેખના 'સમીક્ષિત' કૃતિલક્ષી વિવેચનસંગ્રહ વિશે જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરીએ એમની કૉલમમાં સારી એવી નોંધ લીધી છે. તેના ભાગરૂપે પ્રોત્સાહન કાર્યક્રમનું આયોજન રાત્રિની પ્રાર્થનાસભા દરમિયાન કરવામાં આવ્યું હતું.

સંજય મકવાણાએ 'શ્રેષ્ઠ વર્ષાગીતો'માંથી વરસાદ વિશેનાં કાવ્યો અને કવિ રમેશ પારેખી રચના 'દરિયામાં હોય એને મોતી કહેવાય...', વિનોદ જોશીની રચના 'વીજળિયું વેડી લેખણ કીધી...'નું ગાન કર્યું હતું. માધવ રામાનુજની કૃષ્ણ વિષયક રચના, ધ્રુવ ભટ્ટની ગમતાં ગાઓ ગીતમાંથી કવિતાનો પાઠ કરી કવિતાકળા વિશે વાત કરી હતી. કવિ ધ્વનિલ પારેખે પોતાની કવિતામાં સ્વરચિત ગીતરચના, કેવી અજબ આ આપણી તકરાર છે સનમ, મનમાં ઊગેલી ફૂલની તલવાર છે સનમ જેવી ગઝલો અને પિતાને... તથા અન્ય છાંદસ કવિતાનો પાઠ કરી વિદ્યાર્થીઓને રસતરબોળ કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના સંયોજક ડૉ. રાજીવ પટેલે વિદ્યાર્થીઓની રસ-રુચિ ઘડતરમાં અને કવિતા, સાહિત્ય,જીવન શિક્ષણ ઘડતરમાં આવા કાર્યક્રમોનું મહત્ત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં આભારદર્શન પ્રા. બળદેવ મોરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# એસ. જી. અંગ્રેજી માધ્યમ શાળા દ્વારા સ્કેટિંગ ડાન્સની સ્પર્ધા યોજવામાં આવી



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા દ્વારા તા-૩૦-૧૦-૨૦૧૮ને મંગળવારના રોજ નાથીબા હોલમાં ધોરણ-૫થી૮ ના વિદ્યાર્થીઓ માટે હાઉસ પ્રમાણે સ્કેટિગ ડાન્સની સ્પર્ધાનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ અલગ ફીલ્મોના ગીતો પર સ્કેટિંગ ડાન્સ કર્યો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગાંધી હાઉસ (બ્લ્યુ હાઉસ) વિજેતા બન્યું હતું. કાર્યક્રમનું સંચાલન શિક્ષક ગતિબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

# જિલ્લાકક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધામાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર ઝળકી



ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લાકક્ષાની વક્તૃત્વ સ્પર્ધા જે એસ પટેલ હાઈસ્કૂલ, રાંધેજા ખાતે યોજવામાં આવી હતી, જેમાં મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સેક્ટર-૧૬ના વિદ્યાર્થી બાસિમ ઈકબાલભાઈ મનસુરીએ પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની ઉમેદવારી નિશ્ચિત કરી હતી. રાજ્યકક્ષાની સ્પર્ધા જીસીઈઆરટી, ગાંધીનગર ખાતે ૩ નવેમ્બરના રોજ યોજાઈ રહી છે.

# આજે દિવ્યાંગો માટે જિલ્લા ખેલ મહાકુંભ

ગાંધીનગર, તા. ૨

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અને ઓરા ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા દિવ્યાંગો માટે જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભનું આયોજન શનિવારે કરવામાં આવ્યું છે. જિલ્લા રમતગમત અધિકારી વી બી દત્તા અને ઓરા ચેરિટેબલ ટ્રસ્ટનાં પલ્લવી પટેલે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છેકે તા. ૩ નવેમ્બરના રોજ સવારે ૧૦ કલાકે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, એથ્લેટિક્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ સ્પર્ધાના ઉદ્ઘાટન સમારોહના અધ્યક્ષ તરીકે ગાંધીનગર દક્ષિણ વિભાગના ધારાસભ્ય શંભુજી ઠાકોર, મુખ્ય મહેમાન તરીકે ડિસેબિલિટી કમિશનર ડી એન પાન્ડે, અને ગુડાના ચેરમેન આશિષ દવે તથા અતિથિ વિશેષ તરીકે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ ડી ડી કાપડીયા, ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા અને ગાંધીનગર શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ (દાસ) ઉપસ્થિત રહેશે.

# એસ. વી. અંગ્રેજી સ્કૂલમાં 'પેપર રંગોળી સેલિબ્રેશન'



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં પેપર રંગોળી સેલિબ્રેશન યોજવામાં આવ્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને ન્યૂઝ પેપર ઉપર અલગ અલગ ડિઝાઈન બનાવી તેને કટ કરીને આપી હતી. બાળકોએ શિક્ષિકાઓ સાથે મળીને રંગોળીના કલર્સ, ફૂલોની પાંદડીઓ, દીવા વગેરેનો ઉપયોગ કરીને અદભૂત રંગોળીનું સર્જન કર્યું હતું. શાળા પરિવારે બાળકોને રંગોળીનું મહત્વ સમજાવી, ગણતરીના દિવસોમાં આવનાર દિવાળીના પર્વમાં પોતાના ઘરે રંગોળી બનાવવાની પ્રેરણા આપી હતી. સમગ્ર કાર્યક્રમ શિક્ષિકા કુંતલ શુક્લના નેતૃત્વ હેઠળ યોજવામાં આવ્યો હતો.

# ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કૉલેજમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિદ્યાલય સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં પણ તેની ઉત્સાહ ભેર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમગ્ર શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારી સહિત વિદ્યાથીની બહેનો જોડાઈ હતી અને દેશની અખંડિતતા માટેના શપથ લઈ દેશની એકતા પ્રત્યેની પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. પ્રિ. ડૉ. અમૃતાબેન પટેલ, વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવભાઈ જોષીપુરાના માર્ગદર્શન હેઠળ પ્રો. ડૉ. નરેશ દવેએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૦મો મણકો ॥**

જોકે, વિચાર સારો હતો, પણ ખોટી રીતે આગળ વધ્યો હતો. વિચાર હતો કે, પતિએ પત્નીનિષ્ઠા દેખાડવી જોઈએ. એમાંથી વિચાર આવ્યો કે પત્નીએ પણ પતિનિષ્ઠા દેખાડવી જોઈએ. અને એમાંથી દેખાડવી જ જોઈએ એવા વિચાર પર સ્થિર થયા. પછી તો પત્નીને દેવદર્શને જવું હોય તોય મને પૂછ્યા વિના ન જવાય, કોઈ ઓળખીતાને મળવા જવું હોય તોય મને પૂછ્યા વિના ન જવાય એવું બધું એમણે શરૂ કર્યું.

ગાંધીજી લખે છે, 'હું એવું બધું કરું ને એ ચૂપ રહે. એણે ક'દિ સામો જવાબ આપ્યો નથી. પણ મારી આ આજ્ઞાને ક'દિ માની પણ નથી.' પછીથી ગાંધીજીના તત્ત્વજ્ઞાનમાં જે શબ્દ નીકળ્યો - સવિનય કાનૂનભંગ તેની શરૂઆત અહીંથી. વિનયપૂર્વક કાયદાનો ભંગ કરવો તે આ.



આ ત્રણ ઘટનાઓ એમના ઘરની અને ચોથી ઘટના પીટરમારીસબર્ગની. એ તેમની અહિંસાનાં પગલાં.

ગાંધીજીએ આઠેક વર્ષ દક્ષિણ આફ્રિકામાં વકીલાત કરી. પણ પોતાની આત્મકથામાં એ વિશે ખાસ કશું લખ્યું નથી. આ તેમની જિંદગીના આ લગભગ અંધકારમય વર્ષો હતાં. એવું પણ નહોતું કે દક્ષિણ આફ્રિકામાં તેમની વકીલાત સારી ચાલતી નહોતી. ભલે શરૂઆતમાં તેઓ વર્ષે ૧૦૫ પાઉન્ડના પગારે રહ્યા હતા. પણ પછી પાંચ હજાર પાઉન્ડ મહિને કમાતા થઈ ગયા હતા એવી ધીકતી તેમની વકીલાત ચાલતી હતી. પણ તેમ છતાં તેને વિશે આત્મકથામાં માત્ર દોઢ પાનું જ લખ્યું છે.

150 ગાંધીયાત્રા

એક અમેરિકન નાગરિક કે જે એફબીઆઈમાં નોકરી કરતા હતા અને ચીન વિશેના એક્સપર્ટ હતા તેણે ૧૦ વર્ષ રીસર્ચ કરીને અને એ પછી કાયદાનો અભ્યાસ કરીને 'ગાંધી એરાઈવ્સ ઈન સાઉથ આફ્રિકા' એ નામે પુસ્તક લખ્યું છે. એમાં ગાંધીજીનો જન્મ ક્યાં થયો ને ક્યાં ભણ્યા વગેરે વિગતો આત્મકથામાંથી જોઈને લખી છે, પણ મુખ્યત્વે દક્ષિણ આફ્રિકામાં પહોંચ્યા પછી શરૂઆતના આઠેક વર્ષ ગાંધીજીએ શું કર્યું એનું વર્ણન આ ૭૫૦ પાનાંના પુસ્તકમાં છે.

આ પુસ્તકમાં લખ્યું છે કે, આ માણસે જ્યારે વકીલાત શરૂ કરી ત્યારે નક્કી કર્યું'તું કે સાચા કેસ જ લઈશ. આ કારણે એ પોતાના અસીલની ઊલટતપાસ પહેલાં લેતા. પોતાને અસીલની વાત સાચી લાગે તો જ તેનો કેસ હાથમાં લે, નહીંતર તેને કહી દે, 'ભાઈ બીજા પાસે જા.' જોકે તેમ છતાં બે કેસ તેમને અધવચ્ચેથી છોડવા પણ પડ્યા હતા. કેસની કાર્યવાહી દરમ્યાન તેમને એવું લાગ્યું કે તેમના અસીલના પક્ષમાં સત્ય નથી, તેથી તેમણે ન્યાયાધિશને વિનંતી કરી કે 'હું આ કેસ છોડવા માંગું છું. મારે ફી પણ નથી જોઈતી, પણ આ કેસ હું નહીં લડું.' આમ ફી સહિત કેસ છોડવા તૈયાર, પણ સત્ય પોતાના પક્ષે ન હોય તેવા અસીલ માટે વકીલાત કરવા તૈયાર નહીં.

આ સમયમાં એક વિચિત્ર ઘટના પણ બની હતી. એક કેસની કાર્યવાહી ચાલી રહી હતી ને બે વકીલો ચર્ચાએ ચડ્યા હતા, એક ગાંધીજી ને સામે બીજા વકીલ. અચાનક જજે સામેવાળા વકીલને બોલતાં અટકાવ્યા ને કહ્યું, 'આ વકીલે (ગાંધીજીએ) કંઈક જૂઠ્ઠાણું કર્યું છે એમ તમે સિદ્ધ કરવાનો પ્રયત્ન કરો છો. પણ મારે તમને કહેવું જોઈએ કે તમે એવો પ્રયત્ન ન કરશો. કારણ કે તમારી એ વાત કોઈ માનવાનું નથી. એટલે તમે એ રહેવા દો, બીજી કોઈ વાત હોય તો કરો.' કેસમાં સચ્ચાઈ હોય તો જ ગાંધીજી એ કેસ લે, સાચું હોય તો જ એ કામ કરે એવી પ્રતિષ્ઠા એમની હતી અને એ પણ ત્યારે જ્યારે હજુ એ કર્મવીર ગાંધી પણ નહોતા બન્યા.

ગાંધીજીના જીવનમાં વિચારોના જે મોટા પલટા થયા એ બે પુસ્તકોને કારણે, પોતે મોહનમાંથી મહાત્મા બન્યા એની ભૂમિકા આ બે પુસ્તકોમાં છે. એક પુસ્તક એ જેની અસર ગાંધીજી પર પડે છે ને બીજું પુસ્તક એ જે આ અસરને પરિણામે ગાંધી લખે છે. પહેલું પુસ્તક : જહૉન રસ્કિન લિખિત 'અન ટુ ધીસ લાસ્ટ' અને બીજું પુસ્તક : ગાંધીજી લિખિત 'હિન્દ સ્વરાજ.' અલબત્ત, 'હિન્દ સ્વરાજ' તો ગાંધીજીએ ઈંગ્લેન્ડની બીજી વખતની મુસાફરી વખતે ક્રાંતિકારીઓની ચર્ચા પછી લખ્યું હતું. તેમણે એવું કહ્યું છે કે, 'મારાથી ન રહેવાયું ત્યારે મેં આ પુસ્તક લખ્યું છે.'

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના મિત્ર અને પછીથી જુનિયર વકીલ થયેલા હેન્રી પોલાકે ગાંધીજીને 'અન ટુ ધીસ લાસ્ટ' પુસ્તક આપ્યું હતું અને કહ્યું હતું કે આ પુસ્તક તમારે વાંચવા જેવું છે, એના લેખકના વિચારો તમારા જેવા છે. અમારી સુરતી ભાષામાં કહું તો આ પુસ્તકની ભાષા ભેજાનું દહીં કરે તેવી છે. પણ આ તો ગાંધી. તેમણે આખી રાત જાગીને આ પુસ્તક વાંચ્યું. પછી ફરી પોલાકને મળ્યા ત્યારે તેમને કહ્યું તો 'આ પુસ્તક તો આબાદ છે. એ માત્ર વાંચવાથી ન ચાલે, કંઈક કરવું પણ જોઈએ.' પછી શું કરવું જોઈએ ? એ બાબતનો સાર પાછો પોતે જ કાઢ્યો. શું કાઢ્યો ?


૧) સર્વના ભલામાં તારું ભલું રહેલું છે.

૨) વકીલ અને વાળંદ બંનેનો પગાર સરખો હોવો જોઈએ, કારણ કે બંનેનો જીવવાનો અધિકાર સરખો છે.

૩) શ્રમનું જીવન (ખેડૂતનું-મજૂરનું જીવન) એ જ સાચું જીવન છે.

ગાંધીજીએ સ્વીકાર્યું કે આ ત્રીજી વાત મને ખબર નહોતી. તેમને થયું કે આ વાત અજમાવી જોવી જોઈએ. તેથી તેમણે જમીન ખરીદી. મહિને પાંચ હજાર પાઉન્ડ ખરીદનારા એક સફળ વકીલે પોતાને ખર્ચે જમીન ખરીદી. એ જમીન આમ તો વગડા જેવી હતી. પણ ત્યાં થોડું ઘાસ ઉગેલું હતું ને ઝાડ પર લીલાં શાક હતા એવી એ જગ્યા હતી. બે-ત્રણ ફળનાં ઝાડ પણ હતાં. નક્કી શું કર્યું ? કોદાળી લઈશું, ખેતી કરીશું, જાતે મકાન બાંધીશું અને રહીશું. જે કોઈ મજૂરી કરે તેને દિવસના ત્રણ પાઉન્ડ મજૂરી પેટે ચૂકવવાનું નક્કી કર્યું. પણ અહીં રહેશે કોણ ? એ વખતે 'ઈન્ડિયન ઓપિનિયન' અખબાર શરૂ થઈ ચૂક્યું હતું. તેના કંપોઝીટરને અહીં રહેવા સમજાવ્યા, તે તૈયાર થયા. બીજા કંપોઝીટર હતા તે પણ આવવા તૈયાર થયા. ઉપરાંત, તેમના ભત્રીજા મગનલાલ ગાંધી પણ હતા.

કેમ આમ કર્યું ? ન રહેવાયું એટલે કર્યું. હિન્દ સ્વરાજના લેખન બાબતે પણ ગાંધીજીએ આ શબ્દો વાપર્યા છે. (ક્રમશઃ)




**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**

# એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે શું કરવું જોઇએ ?

**કરિયર કોર્નર**
**કારકિર્દી માર્ગદર્શક પ્રશ્નમંચ**
**હાર્દિક કે. પરીખ**

નમસ્કાર. 'કરિયર કોર્નર' કૉલમને ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અમે આપના સહકારથી અમને ખૂબ પ્રોત્સાહન મળે છે અને અમે વિદ્યાર્થીઓને સચોટ માર્ગદર્શન આપવા કટિબદ્ધ છીએ. આભાર. હવે આપ અમને ફેસબુક પર લાઈક કરી શકો છો: facebook.com/questions.careercorner પર.

**૧. જી.પી.એસ.સી વર્ગ ૧ અને ૨ માટે ની લેખિત પરીક્ષા ની તૈયારી શી રીતે કરી શકાય?**
**- હર્ષદસિંહ ઝાલા, હિમતનગર**



સૌપ્રથમ તો આપને જી.પી.અસ.સી ની પરીક્ષા ના માળખા વિશે ની જાણકારી હોવી આવશ્યક છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામાં આવે છે. પ્રથમ આવે છે પ્રિલિમ્સ કે જેમાં ઓબ્જેક્ટિવ્સ એટ્લે કે ઓ.એમ.આર આધારિત પ્રશ્નો આવે છે જેમાં કુલ ૨૦૦ માર્ક્સના બે પેપર એમ ૪૦૦ માર્ક્સની પરીક્ષા હોય છે. તે ઉત્તિર્ણ કર્યા બાદ આપને મઈન્સ એટ્લેકે લેખિત પરીક્ષા આપવાની હોય છે અને ત્યાર બાદ આવે છે ઈન્ટરવ્યુ. હવે આપના પ્રશ્ન તરફ આવીએ તો જે છે કે લિખિત પરીક્ષા ની તૈયારી શી રીતે કરી શકાય?તો આનો બહુ મોટો આધાર એ ઉપર રહેલો છે કે આપે આપની પ્રિલિમ્સ પરીક્ષા ની તૈયારી કઇ રીતે કરેલ છે.જો આપે પ્રિલિમ્સ પરીક્ષા સમયે જ ઉપરછ્લ્લુ નહી પણ બેઝિક ક્લિયર કરી ને તૈયારી કરી હશે તો આપને ખૂબ મદદરૂપ થઇ શકે છે.કારણકે આપને ખ્યાલ હશે કે પ્રિલમ્સ અને મેઈન્સ પરીક્ષા નો મોટા ભાગ નો અભ્યાસક્રમ સમાન છે.પ્રિલિમ્સ મા આપને ચાર વિકલ્પ આપવામા આવે છે જ્યારે લેખિત માં આપે અમુક પ્રમાણિત અને નિયત શબ્દોમાં જવાબ લખવાના હોય છે.અગાઉ જણાવ્યુ એ મૂજબ આપનુ દરેક વિષયમાં અધ્યયન ઉંડાણ પૂર્વક અને ક્યાસરહિત હોવુ જોઈએ અને બિજી એક મહત્વની બાબતએ છે કે લેખિત પરીક્ષા માટે આપે તૈયારી ફક્ત વાંચી ને નહિં પણ લખી ને પણ કરવાની રહેશે જે તમને ચોક્ક?સ સહાયરૂપ થશે.અન્ય એક બાબત કે જેનો આપની લેખિત પરીક્ષા પાસ કરવા માં સિંહફાળો રહેલો છે એ છે આપનુ સુવાચ્ય એટલે કે સુંદર અને સારા અક્ષર માં લખાણ અને સાચી જોડણી સાથે એટ્લે કે ક્ષતિ રહિત લખાણ.જે માટે આપે આપનુ વાંચણ શક્ય એટ્લુ વધારવુ જોઈએ.આપ જેટ્લુ વધુ એકાગ્રતાપૂર્વક વાંચન કરશો એટ્લુજ આપ પરીક્ષા માં વધુ સચોટ અને મુદ્દા થી ભટ્ક્યા વગર લખી શકશો. આમ આપ જો પરીક્ષા માં સ્વચ્છ,સચોટ,ક્ષતિ રહિત,મુદ્દાથી ભટ્ક્યા વગર અને નિયત શબ્દો માં જવાબ લખો છો તો આપ ચોક્કસ મઈન્સ એટ્લે કે લેખિત પરીક્ષા માં ઉત્તિર્ણ થઈ શકો છો.

**૨ . હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે શું કરવુ જોઇએ?**
**- જયપાલસિંહ દેવડા, ગાંધીનગર**

એરોનોટીકલ એન્જિનીયર આપણા માટે ખૂબ જ સરસ સરસ અને સારો વિકલ્પ બની શકે છે.જેની અંદર રિસર્ચ , ડિઝાઈનિંગ , ડેવલોપમેન્ટ , ટેસ્ટિંગ જેવા વિવિધ પ્રકાર ના એરક્રાફ્ટ ને લગતા વિષયો નો સમાવેશ થાય છે.આ સિવાય તમે સંરક્ષણ એટ્લે કે એરફોર્સ માં જે એરક્રાફ્ટ ઉપયોગ માં લેવાય છે તેમાં પણ આપને વિકલ્પ મળી શકે છે. એરોનોટીકલ એન્જિનીયર



બનવા માટે આપે એક સારી યુનિવર્સિટી માંથી એન્જિનીયર નો કોર્ષ કરવાનો હોય છે.જે સામાન્ય રીતે ચાર વર્ષનો હોય છે. એ પછી આપ પ્રોફેશનલ એન્જિનીયરીંગ એકઝામ આપી આપની સ્કિલ વધારી શકો છો.હવે આપણે લાયકાતની વાત કરીએ તો એરોનોટીકલ એન્જિનીયર બનવા માટે સૌથી મહત્વનું છે કે આપની આ ક્ષેત્ર પ્રત્યે રુચિ હોવી જરૂરી છે.એટ્લે કે એરક્રાફ્ટ માં અને તેને લગતા વિષયો માં એટ્લે કે ગણિત અને ફિઝિક્સ માં આપ ને રસ અને ફાવટ હોવી જરૂરી છે.આથી વિશેષ વાત કરીએ તો આપનુ કામ પ્રત્યે ડેડીકેશન એટ્લેકે કામ કરવાની ધગશ જરૂરી છે અને આપ ની સર્જનશક્તિ સારી હશે તો ચોક્કસ તમને મદદરૂપ થશે. કોર્ષની વાત કરીએ તો આપ ૧૨ પછી એરોનોટીકલ એન્જિનીયર ની ડિગ્રી મેળવી શકો છો અને એમાં પણ આપ આઇ.આઇ.ટી જેવી પ્રતિસ્ઠિત સંસ્થા માંથી કરી શકો છો.અને ત્યાર બાદ માસ્ટર પણ કરી શકો છો. અન્યએ પણ વિકલ્પ એ છે કે આપ મિકેનિકલ , કોમ્પ્યુટર , સોફ્ટ્વેર એન્જિનીયર , વગેરે શાખા માં અથવા ફિઝિક્સ માં ગ્રેજ્યુએશન ડીગ્રી મેળવી એરોનોટીકલ માં માસ્ટર ડિગ્રી મેળવી શકો છો.અને અન્ય એક જરૂરી બાબત એ છે કે આ વિકલ્પ વિશે જાગ્રુતતા અને સ્પર્ધા ઓછી હોઈ આપ યોગ્ય મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. બેસ્ટ ઓફ લક.

**૩. હું બી.ફાર્મ માં અભ્યાસ કરું છુ. ડ્રગ ઇન્સ્પેક્ટરની પરીક્ષા વિશે માહિતી આપશો.**
**- મુદ્રા ચૌધરી, ગાંધીનગર**

યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થાઓ હેઠળ ડ્રગ ઈન્સ્પેક્ટરના પોસ્ટમાં બધા લાયક ઉમેદવારો માટે ડ્રગ ઈન્સ્પેક્ટર પરીક્ષા હાથ ધરવામાં આવે છે. અરજદારોની ઉંમર મર્યાદા ૨૧ વર્ષથી ૩૫ વર્ષની વચ્ચે હોવી આવશ્યક છે. આરક્ષિત કેટેગરીના ઉમેદવારો માટે ૫ વર્ષની છૂટ



આપવામાં આવે છે. ચોક્કસ પરીક્ષા પેટર્ન અને અભ્યાસક્રમ નિશ્ચિત નથી જે પરીક્ષા હાથ ધરે છે તે સત્તાધિકાર મુજબ બદલાય છે. પસંદગીનો પ્રથમ રાઉન્ડ લેખિત પરીક્ષણ છે.

બીજો રાઉન્ડ એ ફીઝીકલ ફિટનેસ રાઉન્ડ છે. અંતિમ પસંદગી પહેલા વાઈવામાં સારી રીતે સ્કોર કરવો જોઈએ. ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ માં સૂચિ 'સી' માં ઉલ્લેખિત ઓછામાં ઓછા એક પદાર્થના ઉત્પાદનમાં અથવા પરીક્ષણમાં અઢાર મહિનાનો અનુભવ, ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો૧૯૪૫ માં સૂચિ 'સી' માં ઉલ્લેખિત કોઈપણ પદાર્થોને ઉત્પાદિત કરતી કંપનીઓના નિરીક્ષણમાં ત્રણ વર્ષનો અનુભવ જરૂરી હોય છે.આમ જો આપ આ આપેલ ત્રણ માંથી કોઇ એક પણ લાયકાત ધરાવો છો તો આપ આ પરીક્ષા માટે લાયક ઠરો છો.હવે પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં લેવામાં આવે છે.પ્રથમ છે ઓબ્જેક્ટિવ એટ્લે કે ઓ.એમ.આર આધારિત પરીક્ષા એ ઉત્તિર્ણ કર્યા બાદ લેખિત પરીક્ષા અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ. એમાં સૌથી મહત્વ નો પડાવ છે પ્રિલિમ્સ પરીક્ષા. જેમાં બે પેપર આવતા હોય છે.

પ્રથમ પેપર ૨૦૦ માર્ક્સ નુ આવે છે જેમાં મુખ્યત્વે આપના વિષય અધારીત એટ્લે કે આપ આપના ફાર્મસી દરમ્યાન જે પણ વિષય નો અભ્યાસ કર્યો છે એ અનુરૂપ પૂછવામાં આવે છે. દ્વિતીય પેપર આપનુ ૫૦ માર્ક્સ નુ આવે છે જેમાં આપને જનરલ સ્ટડિઝ એટ્લે કે સામાન્ય જ્ઞાન અને મેન્ટલ એબિલિટી એટ્લે કે તર્ક અધારિત પ્રશ્નો પૂછ્વામાં આવે છે.આ પરીક્ષા પાસ કર્યા બાદ લેખિત પરીક્ષા આપવાની હોય છે જેમાં મુખ્યત્વે અંગ્રેજી અને આપના વિષય ને લગતા પ્રશ્નો પૂછ્વામાં આવે છે જેના જવાબ આપે લેખિત સ્વરૂપે આપવાના હોય છે.જે ઉત્તિર્ણ કર્યા બાદ આપ ઈન્ટર્વ્યુ માટે લાયક ઠરો છો.આમ આ ત્રણ તબક્કા પાસ કર્યા બાદ આપે ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષા ઉત્તિર્ણ કરી ગણાય છે.

ઈમેલ : questions.careercorner@gmail.com
WhatsApp : 8849221653
Facebook: www.facebook.com/questions.careercorner